# ધાડ અને લુંટના ગુન્હામા છેલ્લા ૬ વર્ષે થી નાસતા ફરતા આરોપીને ઝડપી પાડતી સુરત શહેર એસ.ઓ.જી.

સુરત શહેરની એસ.ઓ.જી.ટીમના પોલીસ માણસો  પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન તે ASI ભરતભાઇ દેવીદાસભાઇ નાઓને મળેલ બાતમી આધારે આરોપી દીપુ અરખીટ પરીડા ઉ.વ. ૨૫ રહે.અશોક નગર ઝુપડપટ્ટી કોગ્રેશ તબેટ પ્રધાનની મેસમા અશ્વીની કુમાર વરાછા સુરત રહે, સચીન ગામ ઉદય વકીલના ઘર પાસે થાના કોદલા જી.ગંજામ ઓડીસા વાળો હાલમા કતારગામ ફુલપાડા સ્મશાન ભુમી સામે રોડ ઉપર ઉભો હોવાની બાતમી આધારે સદર જગ્યાએથી પકડી પાડી સદર આરોપી ઉત્કલ નગર (અંબાજી મહોલ્લો)માં રહેતો હતો ત્યારે રેલ પટ્ટરી પર તેનો મિત્ર નામે કૌશલભાઇ ગોરધનભાઇ પટેલ રહે.આકાશ ગંગ એપાર્ટમેન્ટ રાશી સર્કલ પાસે કતારગામ સુરતવાળો જે પોલીસને દારૂની બાતમી આપતો હોવાની શંકા તેના મિત્ર કાલુ ઉર્ફે હુડાને હોય જેથી તેણે તથા તેના મિત્રો કાલુ ઉર્ફે હડા, ટલ્લુ કાશીનાથ તથા કિશન  વિગેરે નાઓએ તે ઇસમને મારી તેની પાસેથી રોકડા, સોનાની ચેન તથા મોબાઇલ વિગેરેની લુંટ કરી બધા ત્યાંથી નાસી ગયેલ જે બનાવ અનુસંધાને કતારગામ પો.સ્ટે. I ગુ.ર.નં. ૪૨/૨૦૧૪ ઇ.પી.કો. કલમ ૩૨૩, ૩૨૪, ૩૯૫ જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબનો ગુનો દાખલ થયેલ જે ગુનામા સદર આરોપી છેલ્લા છ વર્ષથી નાસતા ફરતો હોય જેને બાતમી આધારે પકડી પાડી ઉપરોકત ગુનાના કામે અટક કરી કાયદેસરની કાર્યવાહી કરી પ્રશંસનીય કામગીરી કરેલ છે.